# શ્રી જિનાજ્ઞા વિધિપક્ષ(અંચલ)ગચ્છની હૂંડી

કર્તા : શ્રી ગજલાભ ગણિ
સંશોધક : મુનિ શ્રી કલાપ્રભસાગરજી

[આ કૃતિમાં કવિ શ્રી ગજલાભ ગણિવર્ય મ. સાહેબે ચાર ઢાળનો કેદારો, આશાવરી, ધનાશ્રી જેવી દેશીઓમાં વણી લીધેલ છે. કવિશ્રીની સાહિત્યરચના પરથી તેઓની વિદ્વતા–પ્રૌઢતા અને જિનાજ્ઞાપાલનની દઢતા પ્રતીત થાય છે. આ હૂંડીમાં અંચલ(વિધિપક્ષ)ગચ્છની સમાચારીને શાસ્ત્ર પ્રમાણો નોંધી અક્ષરદેહ આપેલ છે. વાંચતાં તરત જ સમજ પડી જાય એવી સરળ રચનામાં તેઓની નિપુણતા સ્પષ્ટ થઈ જાય છે. સં. ૧૫૯૭ માં 'બાર વ્રત રીપ ચોપાઈ ૮૪' ગાથા પ્રમાણે, સં. ૧૬૧૦ માં 'જિનાજ્ઞા હૂંડી' અને અન્ય સ્તવનો, વૈરાગ્ય ગીતો ઈત્યાદિ તેમની રચનાઓ છે. સં. ૨૦૨૯ માં કચ્છ કોડાયના જ્ઞાનભંડારની હસ્તપ્રત ઉપરથી આ સંકલન કરેલ છે. જિનાજ્ઞા હૂંડીની રચના સિરોહી (રાજસ્થાન)માં થયેલ છે. સિરોહીના અંચલગચ્છીય જિનમંદિર તથા મૂળ નાયકશ્રી આદિનાથ ભગવાનનું ચિત્ર આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. કૃતિને અંતે "મુજ મનમાં મતનો નથી કદાગ્રહ, જિનાજ્ઞા કેરો દાસ રે." આટલું જ પદ્ય કવિના હૃદયમાં રહેલ, જિનેશ્વર પરમાત્મા પ્રતિ સમર્પણભાવને વ્યકત કરે છે.' —સંપાદક]

## ઢાળ પહેલી

સિરોહી મુખમંડણો જી રે, ભેટયો આદિ જિણંદ;
તુમ દરશન દેખી કરી જી રે, પામ્યો પરમાનંદ રે.
જીવડા, આરાધો જિન આણ. ૧
આણ વિના જીવ અતિ રુલ્યો જી, મેલ્યું મતનું માણ રે;
જીવડા, આરાધો જિન આણ. ૨
અરિહંત દેવ, ગુરુ સુસાધુજી રે, કેવળી ભાષિત ધર્મ;
ત્રિણ તત્ત્વ સુદ્ધાં ધરો જી, સુણજો તેહનો મર્મ રે. જીવડા.૦ ૩
જિનપ્રતિમા સૂત્રે કહી જી રે, નિક્ષેપે ચિહું જાણ;
ઠવણસચ્ચા તે થાપના જી, તેહની ભ્રાંતિ મ આણ રે. જીવડા૦ ૪
સાતમે અંગે સમું જુઓ જી, આનંદને અધિકાર;
વંદી અંબડ શ્રાવકે જી, ઉવવાઈ સૂત્ર મઝાર રે. જીવડા૦ ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરણુ કરીને ઉતપતે જી, સોહમ, અસુર કુમાર;
તિહાં જિનપ્રતિમા નિપરે જી, શરણાગત સાધાર રે. જીવડા૦ ૬
જંઘાહર વિદ્યાહરુ જી, ચૈત્યે વંદન જાય;
ભગવતી સૂત્ર ભાખીયોં જી, ઉત્થાપી તેં કાંઈ રે. જીવડા૦ ૭
દશમે અંગે પ્રતિમા તણો, પ્રગટ વૈયાવચ્ચ જોઈ;
ફલ તીર્થંકર ગોત્રનું જી, ઉત્તરાધ્યયને હોય રે. જીવડા૦ ૮
પૂજા પણ સૂત્રે કહી જી, રાયપસેણી ઉવંગ;
સત્તરભેદ સોહામણા જી, કરી સૂર્યાભ સુયંગ રે. જીવડા૦ ૯
જ્ઞાતાધર્મ પૂજા કહી જી, દ્રૌપદીને અધિકાર;
વિજયદેવ પ્રમુખ ઘણે જી, પૂજા મોક્ષદ્વાર રે. જીવડા૦ ૧૦
સિદ્ધારથ રાજા વળી જી, પૂજા સહસ્સ ઠામ,
કલ્પસૂત્રે એમ ભાખીઓ જી, ઉથ્થાપો શું કામ રે. જીવડા૦ ૧૧
ઇમ સૂત્રે સંદ્દહવિ સહી જી, જિનપ્રતિમા વંદનિક;
મોક્ષતણાં ફૂલ તેહ લહે જી, દુર્ગતિ લહે નિંદનિક રે. જીવડા૦ ૧૨
દેવતત્ત્વ એણી પરે જી, દાખ્યો સૂત્રાધાર;
તે ગુરુ સુધાં જાણજો જી, અવર કુગુરુમન ન ધાર રે. જીવડા૦ ૧૩
દેવ અને ગુરુ દોહી કહ્યા જી, ધર્મતણે અધિકાર;
કહે 'ગજલાભ' તમે સુણો જી, સૂત્રતણે અનુસાર રે. જીવડા૦ ૧૪

---

## ઢાળ બીજી

(રાગ : કેદારો)

વીર જિનેશ્વર ભાખીઆ રે, ધર્મના દોય પ્રકાર;
યતિ શ્રાવકના જાણજો રે, ઉવવાઈ સૂત્ર મઝાર,
જીવડા દષ્ટિરાગ સવિ મૂકો ૧
સૂત્ર આધારે ધર્મ આરાધો, ચિંતામણિ કાં ચૂકો રે. જીવડા૦ ૨
પંચ મહાવ્રત સાધુને રે, શ્રાવકને વ્રત બાર;
આપ આપણા સાચવો રે, કિમ કહીએ એક આચાર રે? જીવડા૦ ૩
રજોહરણ ને મુહપતિ રે, લિંગ સાધુનું દાખ્યું;
પૂજે શ્રાવક નવિ ધરે જી, મહાનિશીથે ભાખ્યું રે. જીવડા૦ ૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવ અને ગુરુવંદન વેળા, ઉત્તરાસંગ કહીએ સાચો;
આવશ્યક ને પૌષધ વેળા, કાંઈ કરો પંથ કાચો રે. જીવડા૦ ૫
પંથ નહીં વળી સાધુનો રે, માળારોપણ કરો;
ઉપધાન નામ લેઈ કરી જી, કાંઈ કરો ભવફેરો રે. જીવડા૦ ૬
દ્રવ્યપૂજા ન હોય સાધુને રે, સૂત્રમાંહે જુઓ જાચી;
સાધુ પ્રતિષ્ઠા નવિ કરે રે, તે શ્રાવક વિધિ સાચી રે. જીવડા૦ ૭
આણસહિત જે કરણી કીજે, તે સુખદાયક દીસે;
કહે 'ગજલાભ' મુજ આજ્ઞા ઉપરે હરખે હીયડું હીંસે રે. જીવડા૦ ૮

---

## ઢાળ ત્રીજી

(રાગ : આશાવરી)

વીર જિણેસર શ્રીમુખ ભાખે, શ્રાવકનાં વ્રત બાર;
નવમું વ્રત સામાયિક કેરું, ઉભયકાળ અધિકાર.
સુણો રે સુણો તુમે ભવિયણ પ્રાણી, સાચી જિનવર વાણી રે ૧
સદ્દહણા સવિ શુદ્ધિ આણી, કરજો સૂત્રે જાણી રે. સુણો૦ ૨
વારંવાર સામાયિક કરતાં; દશમું મૂલ વ્રત નાશે રે;
પંદર દિવસનું માંન તેહનું, આવશ્યકચૂર્ણે ભાખી રે. પ્રાણી સુણો૦ ૩
આઠમ ચઉદસ પૂનમ અમાવાસ, માસમાસ ચોપરવી રે;
મુલગી તિથિ મૂકી કરીને, કયાં દીઠી પંચપરવી રે. પ્રાણી સુણો૦ ૪
પર્વતિથિ જે પોસહ કીજે, તે ઠામઠામ સૂત્રે સાખી;
સઘળા દિવસ કેમ સરખા ગણીએ, ચોપરવી જિને ભાખી રે. પ્રાણી સુણો૦ ૫
ચોવિહાર પોસહ જિને ભાખ્યો, આગમ અંગે ઉવંગે;
અન્ન ઉદક લેઈ કાંઈ વિરાધો, તે વંચ્છી આવી ભંગે રે. પ્રાણી સુણો૦ ૬
આણસહિત સામાયિક પોષહ, કરતાં સવિ સુખ હોય રે;
કહે 'ગજલાભ' ચોખે ચિત્ત સુણજો, રીશસૂમ કરશો કોઈ રે. પ્રાણી સુણો૦ ૭

---

## ઢાળ ચોથી

(રાગ : ધનાશ્રી)

જંબૂદ્વીપ પન્નત્તિમાંહે માહે દોય પખ ભાખ્યા જી;
છ તિથિ વરસે પડતી બોલી, છ માસ ઓગણત્રીસા દાખ્યા જી. ૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધનધન જિનવર વચન સોહામણો, સદ્‌ગુરુથી સવિ લહીએ જી;
મુજ મન એહ મતિ ખરી બેઠી, જિનઆજ્ઞા મસ્તકે વહીએ જી. ધન૦ ૨

માસ અરધ તે પક્ષ વખાણ્યું, પક્ષ અરધ તે અષ્ટમી જી;
ઇણિ પેરે આઠમ પાખી કીજે, કહે કેવળીમતિ સમી જી. ધન૦ ૩

પાખીદિન દશ ન હોવે, આઠમ, પંચ ન ભાખી જી;
તેરી, સોલી સૂત્રે ન ભાખી, એમ પ્રતિક્રમણે દાખી જી. ધન૦ ૪

ઉદીક ચઉદસ તે તુમ મૂકી, તેરસ કાં કરો પાખી;
થોડી મતિ તમેં સઘળી રાખી, સાચી સદ્દહણા નાખી જી. ધન૦ ૫

પાંચમે પર્વ પજૂસણ બોલ્યું, જગતમાંહે સહુ જાણે જી,
કાલિકસૂરિએ કારણે કીધું, ચોથે સહુ કો વખાણે જી. ધન૦ ૬

આજ કહો કિસ્યું કારણ પડિયું, ઊંડું જૂઓ આલોચી જી;
શાશ્વતા વચનને લોપી કરો છો, તે તુમે કિસી કરણી જી. ધન૦ ૭

અધિક માસ વળી વીસુ પજૂસણ, કલ્પનિર્યુકતે ભાખ્યું જી;
વીશ ને પચ્ચાશું મૂકી, એંસીકું ક્યાં દાખ્યું જી. ધન૦ ૮

તે સાચું વળી સૂત્રે નિશ્શંકીય, જે જિનવર પ્રકાશ્યું જી;
ગૌતમ આગળ વીર જિનેશ્વર, ભગવતી સૂત્રે ભાખ્યું જી. ધન૦ ૯

એહવાં વચન મૂકીને માને. આપ ચાપણી આણા જી;
તે કિમ મોક્ષતણાં ફલ પામે, ભવભવ તેણે ફિરણા જી. ધન૦ ૧૦

મુજ મન મતનો નથી કદાગ્રહ, જિનઆજ્ઞા કેરો દાસ જી;
કહે 'ગજલાભ' સાચું સદ્દહજો, જિનઆજ્ઞા પૂરે આશ જી. ધન૦ ૧૧

[ઈતિ શ્રી જિનઆજ્ઞાપ્રમાણ તત્સ્વરૂપ હુંડી સમાપ્તા]

[અચલગચ્છાધિપતિ શ્રીમદ્ ગુણસાગરસૂરીશ્વરાણાં વિજયી રાજ્યે તત્ શિષ્ય મુનિ કલાપ્રભસાગરેણ બિદડા મધ્યે શ્રી આદીશ્વરપ્રસાદાત્ લિખિતા પરોપકારાર્થં શિવમસ્તુ. વીર સં. ૨૪૯૯, વિ. સં. ૨૦૨૯ મહા સુદ ૧ દિને.]



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org